વિકલ્પચષકૈરાત્મા, પીતમોહાસવો હ્યયમ્
ભવોચ્ચતાલ-મુત્તાલ, પ્રપઞ્ચમધિતિષ્ઠતિ

**શ્લોકાર્થ:**
વિકલ્પ રૂપ મદિરા પાનના પાત્ર વડે મોહરૂપ મદિરા (શરાબ) પીનાર આ જીવ, જ્યાં હાથ ઊંચા કરીને તાળીઓ આપવાની ચેષ્ટા કરાય છે, તેવા સંસારરૂપી પીઠા (શરાબખાના)નો આશ્રય કરે છે.

**શબ્દાર્થ:** સમજવાની

વિકલ્પ = મનની વિચારણાઓ,
પીત = પીધો છે,
ભવ = સંસારરૂપી,
ઉત્તાલ = ઊંચા હાથ કરીને, તાળીઓ પાડવાની ચેષ્ટા,

ચષક = શરાબ પીવાનું પાત્ર
મોહાસવ = મોહરૂપી શરાબ
ઉચ્ચતાલ = શરાબનું પીઠું
પ્રપઞ્ચં = વિસ્તાર
અધિતિષ્ઠતિ = રહેવું, નાચવું, વર્તવું

**ભાવાર્થ:**
સંસાર એ મદિરા-પાનનું પીઠું છે.
મોહ એ માદક મદિરા છે.
વિકલ્પ એ મદિરા-પાનનું પાત્ર છે.

સંસારી જીવ વિવિધ પ્રકારના માનેલા સુખના વિકલ્પો અને આયોજનો કરી, રાગ-દ્વેષ અને મોહનો દારૂ પીને દારૂના પીઠામાં અન્ય દારૂડિયા સાથે (સ્નેહી-મિત્રો) વિવિધ પ્રકારના નાચ નાચી રહ્યો છે. આ જીવ પોતાના મૂળસ્વરૂપનું ભાન ભૂલી જાય છે. સ્નેહીજનોની ઇચ્છાઓ પૂરી પાડવામાં, રાગમાં અંધ બનેલો આ જીવ આનંદ માણે છે.

શંકા: વિકલ્પ એટલે શું ?

સમાધાન: આત્માના સ્વભાવથી વિરુદ્ધ જે મેળવવાનું મન થાય, ભોગવવાનું મન થાય તેવા વિચારો તે વિકલ્પ. વિકલ્પને મદિરા-પાનના પાત્ર સાથે સરખાવ્યું છે.

મોહનો દારૂ પીધેલો છે એવા કુટુંબીજનો, સ્વજનો, મિત્રો વગેરે તાળીઓ પાડીને, વાતો કરીને તેને બહકાવે છે અને બધા પણ તેમાં ભળી જઈને નાચે છે, કૂદે છે, કેમકે તેને પણ મોહનો નશો ચઢે છે.

જેવો સંગ તેવો રંગ, પર વસ્તુને પોતાના રૂપે માની પોતાની કરવા પ્રયાસ કરે છે, તે મિથ્યાત્વનો કારણ હોય છે. માટે સંયોગોનો ન છોડી શકો પણ તેમાં જે રાગ ભાવ પડેલો છે તેને તો છોડવો જ પડશે. આત્માને પર માન્યો અને પરને પોતાના માન્યા માટે ચિંતાઓ વધી. જ્યારે પોતે 'સ્વ' (આત્મા) ના સ્થાનથી છૂટ થયો એટલે ચારે બાજુ ભ્રમણ કરતો થયો.

મિથ્યાત્વ મોહ - વિચારને ભ્રષ્ટ કરે છે અને ચારિત્ર મોહ આચારને ભ્રષ્ટ કરે છે.

ઝેર એક ભવમાં મારે, મિથ્યાત્વ ભવોભવ મારે છે! મોહાંધ બનેલો પોતાના અસલી સ્વરૂપને ભૂલી ગયેલો, અને ચાર ગતિરૂપ સંસારમાં લાકડીયા ખાતો ખાતો રખડે છે. દૃષ્ટિ નહીં સુધારીએ ત્યાં સુધી આત્મામાં પરમ સુખ, શાંતિ, સમાધિ, અને સંતોષ નહીં માણી શકીએ. જેમ મદિરા પાન ત્યજવા જેવું છે તેમ સંસારી ભાવોનો મોહ પણ ત્યજવા જેવો છે.

નિર્મલં સ્ફટિકસ્યેવ, સહજં રૂપમાત્મન:
અધ્યસ્તોપાધિસંબન્ધો, જડસ્તત્ર વિમુહ્યતિ

શ્લોકાર્થ:
આત્માનું સ્વાભાવિક સિદ્ધસ્વરૂપ, સ્ફટિક જેવું નિર્મળ છે. પરંતુ આરોપિત કરાયેલા ઉપાધિઓના સંબંધવાળો મૂઢ જીવ એમાં મુંઝાય છે. (મોહ પામે છે)

ભાવાર્થ: આત્મા સ્ફટિક જેવો નિર્મળ છે. તેની ઉત્પત્તિ નથી, શાશ્વત છે. જેમ સ્ફટિકની આરપાર બધું જ જોઈ શકાય છે તેવી જ રીતે આત્મા આવરણ રહિત થયા બાદ તેના એક એક પ્રદેશો પરમ શુદ્ધ છે જેના વડે તે ત્રણ લોકને એક સમયમાં જોઈ શકે છે. આત્મા નિ:સંગ (સંગ રહિત) છે. કેમકે તે મોહ રહિત છે. સંપૂર્ણ મોહ દૂર થાય ત્યારે જ તે સર્વજ્ઞ બને છે. આત્મા "પર ઉપાધિથી રહિત," સર્વ જ્ઞેયને જાણનારો અને પરમાનંદનો વેદનારો છે.

આત્માને કર્મની ઉપાધિ અનાદિકાળથી લાગેલી છે. સ્ફટિકની આગળ લાલ-લીલું કપડું રાખો તો લાલ-લીલું દેખાય છે, તેમ આત્મા નિર્મળ હોવા છતાં કર્મની ઉપાધિ આવવાથી તેનું સ્વરૂપ મલિન બની ગયું અને વ્યવહાર ખોટો - ભ્રાંતિવાળો બની ગયો છે. તેથી જ 'પર' સંગથી દૂર થવાનું મન નથી થાય. કેમકે તે ઉપાધિરૂપ લાગ્યું નથી. નિ:સંગ બન્યા વિના આત્મગુણમાં પ્રવેશ નથી થાય.

આપણને જે સંગ લાગેલા છે, કાયા, કુટુંબ, પરિવાર, સ્વજન વગેરે ઉપાધિ રૂપે લાગો માટે ત્યાં સુધી ધર્મની સાચી આરાધના કેવી શકશો માટે. સંગ છોડ્યા વિના ધર્મનો વ્યવહાર હશે પણ ધર્મ નહીં હોય - અનુભૂતિ નહીં હોય.

સમૂહમાં "સામાયિક" કરો તો પણ "વોસિરામિ" શબ્દ બોલવા દ્વારા સંગને છોડવાનો જ છે તો જ તમને અનુભૂતિ થશે. કાયાનો પણ સંગ છોડવાનો છે. તો જ આત્માની સંગ હોય તો વિના અનુભૂતિ શક્ય જ નથી.

કર્મ સંયોગથી કાયાનો આરોપ કર્યો અને આત્મામાં ઉપાધિ આવી. આત્મા અરૂપી અને કાયા રૂપી. બંને વિરૂદ્ધ સ્વભાવવાળા ભેગા થયા આથી આત્મામાં મોહ ભળવાથી તે પુદ્ગલ સ્વરૂપને પોતાનું માનવા માંડ્યો અને પોતાનું વાસ્તવિક આત્મ સ્વરૂપ ભૂલી ગયો. આમ જીવને શરીર અને આત્મા જુદા છે તેવું ભેદ જ્ઞાન થતું નથી અને એવું ભ્રમ જ્ઞાન થયું કે, "શરીર એ જ હું છું." આત્માનો ભમવાનો સ્વભાવ નથી પણ ભ્રમના કારણે ભમવાના સ્વભાવવાળો બન્યો. આપણામાં જે તૃષ્ણા છે તેને સંતોષવા માટે દોડીએ છીએ. આત્મા પરમ આનંદથી ભરેલો છે. સુખથી પૂર્ણ ભરેલો છે માટે એને સુખની જરૂરત છે તે સિવાય બીજી કોઈ તૃષ્ણા એમાં આવવાની નથી. પરંતુ મોહ ભળ્યો એટલે એને સુખ બહાર દેખાય છે.

સંસારી આત્મા પ્રાયઃ ઉપાધિ વગરનો નથી પણ તેને ઉપાધિ, ઉપાધિ રૂપ લાગતી નથી. ઉપાધિ એ માનસિક પરિણામ છે. જેને શરીર અને આત્મા ભિન્ન છે એવું ભેદજ્ઞાન થયું છે તેવા આત્માઓ હવે અંદરનું જ સુધારવામાં લાગી જાય. બાહ્ય સુધરે કે બગાડે તો પણ ઉપાધિ જ છે, પણ આંતર- જગત રૂપ આત્માને સુધારતાં બાહ્ય અને આંતર બધું જ સુધરી જાય છે.

અનારોપસુખં મોહ-ત્યાગાદનુભવન્નપિ
આરોપપ્રિયલોકેષુ વક્તુમાશ્ચર્યવાન્ ભવેત્

શ્લોકાર્થ:
મોહના ત્યાગથી (ક્ષયોપશમથી) સહજ સુખનો
અનુભવ કરનાર (યોગી) પણ આરોપિત સુખમાં
(ભૌતિક સુખમાં) પ્રીતિવાળા લોકોને, સુખનો
અનુભવ કરવામાં આશ્ચર્ય પામે છે.
વાણીથી સમજાવી ન શકાતું
[સહજ સુખનું સ્વરૂપ કઈ રીતે
લોકોને મૂઢ જાણે આ સહજ સુખ
સમજાવવું એમાં આશ્ચર્ય પામે છે.]

ભાવાર્થ:
યોગીને યોગદશામાં જ સુખ લાગે છે અને આનંદ આનંદ
પામે છે. કારણ કે તેમાં પરાધીનતા નથી. તે સ્વતંત્રપણે
સુખનો આનંદ માણે છે. આત્માના ગુણોનું સુખ અનારોપિત સુખ છે.
ભોગી જીવ ભોગસુખોની જ પ્રીતિવાળો છે. જેમ જેમ
સાંસારિક ભોગસુખો પ્રાપ્ત થતાં જાય છે તેમ તેમ
તેની રહેણી-કરણી, બોલવા-ચાલવાની છટા બદલાતી
જાય છે. ભૌતિક સુખ તે આરોપિત સુખ છે
ભોગીના તે ભોગસુખો જોઈને યોગીને તેમાં શું આશ્ચર્ય
થાય? આ સુખો, જીવે અનંતીવાર પ્રાપ્ત કર્યા છે અને
ભોગવ્યા ગયા છે. સુખો ત્યાં ને ત્યાં જ મૂકીને આવ્યા છીએ.

માટે તે કાયમી નથી, નાશવંત છે, સ્વાધીન નથી પણ પરાધીન છે.

ભોગી પુરુષ યોગીની સામે પોતાના ભોગ સુખોનું વર્ણન કરે કે મારા બંગલામાં આવી આવી સુવિધાઓ છે. તે સાંભળીને યોગી મહાત્મા "આ બધુ આરોપિત સુખ એ સાચું સુખ છે" એમ કહેવા માટે ભોગીની જેમ આશ્ચર્યવાન કેમ બને? આશ્ચર્ય ન જ બને. કારણ કે તે મહાત્મા સમજે છે કે આ ભોગી જીવ મોહાન્ધ બનેલો છે એટલે સુખ માને છે પણ વાસ્તવિક પરાધીનતા જ છે, દુઃખ જ છે. આ જીવ વધારે વધારે ફસાયો છે. હવે જલ્દી સંસારના ફંદામાંથી નહીં નીકળી શકે, એમ સમજીને હૃદયમાં ભાવદયા લાવે છે. ભોગીજીવ જેને સુખ કહે છે તેને આવા યોગી મહાત્મા સુખ કેમ કહે? તેને સાચું અદ્ભુત ભૌતિક સુખ મળ્યું એમ તે મહાત્મા તેમની જેમ કેમ કહે? આવા કહેવાતા સુખને જોઈને આશ્ચર્ય કેમ થાય? આ સુખ તો ભવોભવમાં ભોગવેલું હોય છે તેમાં નવાઈ શું છે?

આત્મામાં અનાદિ કાળથી મોહ પડેલો છે અને અનાદિ કાળથી અનંત સુખ આત્મામાં પડેલું છે. જેઓ મોહ હટાવી શકતા નથી તેઓ આરોપણજન્ય (ફોરી બેસાડેલું) સુખ ભોગવે છે. જેઓએ આત્માનું સહજ સુખ અનુભવ્યું છે તેઓને આરોપિત સુખમાં તોયે સુખ કહે તો આશ્ચર્ય લાગે છે. ક્યાં આત્માનું સહજ સુખ અને ક્યાં આરોપિત સુખમાં

મોહ ત્યાગ: શ્લોક-9

માનેલું સુખ કે જે અત્યંત પીડાજનક છે.

<u>શંકા:</u> બાહ્ય મિથ્યાત્વ અને અભ્યંતર (આંતરીક) મિથ્યાત્વમાં શું તફાવત છે તે ટૂંકમાં સમજાવશો?

<u>સમાધાન:</u>

<u>બાહ્ય મિથ્યાત્વ:</u> સુદેવ-સુગુરુ-સુધર્મને ન માનવા (શ્રદ્ધા ન કરવી) અને તેમના સિવાયને માનવા.

<u>અભ્યંતર મિથ્યાત્વ:</u> સુખને સુખ ન હોવા છતાં માનવું. આ વિપરીત બુદ્ધિ હૃદયની અંદર છે, બીજા લોકોને દેખાતી નથી. કોઈ આપણને આ વિપરીત બુદ્ધિ થી રોકી-ટોકી શકતું નથી, કોઈ સમજાવી શકતું નથી. માટે તે અભ્યંતર મિથ્યાત્વ કહેવાય છે.

ચાર પ્રકારના સુખ લોક જગતમાં મનાય છે.

(૧) વિષયનું સુખ: જેમકે મનગમતું ભોજન, મકાન મળ્યા તે.

(૨) અભાવનું સુખ: દર્દ નથી, અને મળ્યું તો સુખી માને.

(૩) વિપાકનું સુખ: પુણ્યના ઉદયથી મળતી અનુકૂળ સામગ્રી થી સુખી માને.

(૪) મોક્ષનું સુખ: અનંતકાળ સુખ જ સુખ. દુઃખનો છાંટોય નહિ.

<u>જિનશાસનમાં માત્ર મોક્ષનું સુખ જ માન્ય કરાયું છે બાકીના ત્રણ સુખને સુખ તરીકે ગણ્યા નથી.</u> જે આત્મા તત્વને સમજ્યા નથી, તે જ કાલ્પનિક સુખની પ્રરૂપણા કરે છે, પણ તે સુખ નથી જ. એ <u>તત્વનો વિપર્યાસ (ગેરસમજ) એ જ મોટું મિથ્યાત્વ છે</u> એ ન છૂટે ત્યાં સુધી સમકિત (સમ્યગ્દર્શન)ની પ્રાપ્તિ ન થાય. <u>ધર્મ તત્વથી સમજાય તેમાં ફળથી નહીં.</u>

ચિદ્દર્પણ વિન્યસ્ત, સમસ્તાચારચારુધી:
કથં નામ સ પરદ્રવ્યે, અનુપયોગિનિ મુહ્યતિ

<u>શ્લોકાર્થ</u>:

જ્ઞાનરૂપી દર્પણમાં સ્થાપન કરેલા સમસ્ત પંચાચારના પાલન વડે સુંદર બુદ્ધિવાળો યોગી બિનજરૂરી એવા પરદ્રવ્યમાં કેમ મોહ પામે?

<u>ભાવાર્થ</u>:

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચાર આત્માના અભ્યંતર અવયવો છે. જે આત્મા પોતાના તમામ અભ્યંતર અવયવોને જિન-આગમ રૂપી દર્પણમાં જોઈને પોતાની (આત્માની) સુંદરતા સમજે છે, તે સુંદરતા વધારવા કે ટકાવવા તેને બાહ્ય દુનિયામાં જોવું પડતું નથી. તેઓ 'પર'માં મોહને પામી શકતા નથી. મોહને છોડવા માટે સ્વરૂપ-રમણતાનું લક્ષ્ય અને તેનું સ્મરણ સતત થવું જોઈએ.

**જો હોય સ્વરૂપનું સ્મરણ, તો હોય મોહનું વિસ્મરણ**

જ્ઞાનનો સ્વભાવ છે કે રૂપી-અરૂપી બન્નેને જાણી શકે. તેથી જો રૂપી તરીકે જાતને જાણીએ તો મોહને માટે માર્ગ સરળ બની જાય છે. મોહ ભળવાથી જ્ઞાન અશુદ્ધ થાય છે. જ્ઞાન અશુદ્ધ ન થાય તે માટે અરૂપી એવા આત્માનું સ્મરણ કરવાનું હોય. માટે જ જ્ઞાનીઓએ પ્રભુ-દર્શનનો વ્યવહાર મૂકેલો છે.

મોક્ષમાર્ગ પ્રકાશક - શ્લોક ૮

આત્માના સ્વરૂપની શ્રદ્ધા કરવી તે દર્શન છે.

ઉપયોગ રૂપે તેમાં રહેવું તે જ્ઞાન છે.

તેમાં જ (સ્વરૂપમાં) રમણતા કરવી તે ચારિત્ર છે.

આત્માનું સ્વરૂપ અરૂપી છે, પૂર્ણ ઢંકાયેલું છે તો એની જાણ પણ કોણ કરી શકે? સર્વજ્ઞ જ જણાવી શકે.

અવધિજ્ઞાની અને મન:પર્યવજ્ઞાનીના જ્ઞાનની પણ મર્યાદા છે. મતિ-શ્રુતજ્ઞાનની પણ મર્યાદા છે. કેવળજ્ઞાન જ અનંત છે. તેની કોઈ જ મર્યાદા નથી, માટે સર્વજ્ઞ એવા કેવળી ભગવંત જ વસ્તુનું યથાર્થ નિરૂપણ કરી શકે.

આપણું સ્વરૂપ તો પૂર્ણ ઢંકાયેલું છે એટલે અનુભવનો વિષય બની શકે એમ નથી. માટે પ્રથમ તેમાં શ્રદ્ધા કરી અને જ્ઞાનનો ઉપયોગ પણ તે જ પ્રમાણે કરો. જ્ઞાનનો ગમે તેટલો ઉઘાડ હોય તો પણ શ્રદ્ધા તો મિથ્યાત્વના જવાથી જ થાય છે. ... એટલા મંદ પડવાથી જ થાય છે.

શંકા: આત્મા તો અરૂપી છે, તેની કોઈ અનુભૂતિ (અનુભવ) નથી તો સ્મરણ કરવું કેવી રીતે?

સમાધાન: હું અરૂપી છું, નિરાકાર છું આ જ સ્વરૂપનો પકડવાનું છે. જેમ બાળકનો કક્કો - બારાખડી ઘૂંટાવીએ તેમ વારંવાર ઘૂંટતા આત્મા અને આત્માના ગુણોનું સ્મરણ થશે. જે અનાદિકાળથી વિસ્મરણ દશામાં છે અને તેથી જ આપણું ભાવમરણ સતત ચાલુ છે. માટે કર્મો દ્વારા થતી ઉપાધિની ફરિયાદ ભૂલીને આત્માની યાદ સતત થશે તો જ આત્માના અપૂર્વ ગુણોની અનુભૂતિ થશે. પુદ્ગલનું વિસ્મરણ કરવું નહીં પડે પણ સહજ થઈ જશે.

**શંકા:** તમે આત્મા વિષે જે કહો છો તે સ્પષ્ટ સમજાય છે પણ તેની અનુભૂતિ કેવી રીતે થાય?

**સમાધાન:** તમારી વાત સાચી છે. તમને એક ઉદાહરણ આપું તો સમજાઈ જશે.
મહાભારતની વાત છે. દ્રોણાચાર્યએ કૌરવો અને પાંડવોને "ક્રોધ મા કુરુ - ક્ષમા કુરુ" આ ગાથા ગોખવા આપી. ગુરુએ બીજે દિવસે બધાને પૂછ્યું કે ગાથા ગોખી? યુધિષ્ઠિર સિવાય બધાએ ગાથા સંભળાવી. યુધિષ્ઠિરે જવાબ ન આપ્યો એટલે ગુરુએ જોરથી તમાચો મારી દીધો. યુધિષ્ઠિરે સમતા પૂર્વક સહન કર્યું અને પ્રસન્નતાથી ગુરુને કહ્યું કે હવે મને આવડી ગયું.
ગુરુ કહે હમણાં તો તેં ના પાડી હતી કે નથી ગોખી શક્યો. યુધિષ્ઠિરે કહ્યું: ગુરુદેવ! ગાથાનો અર્થ મારા આત્મામાં પરિણામ પામે ત્યારે જ આવડ્યું કહેવાય ને!
આ થઈ અનુભૂતિ ... તમાચાની સામે સમતાભાવ પ્રગટ થયો.

**શંકા:** મોહ ત્યાગ કરવાનો ઉપાય શું?

**સમાધાન:** આગમમાં સ્વ દ્રવ્ય શું છે? અને પર દ્રવ્ય શું છે? તે સ્પષ્ટ કહ્યું છે. જે આત્માને મોહનો ત્યાગ કરવો જ છે તેણે સર્વજ્ઞની દૃષ્ટિ પ્રમાણે "સ્વ" અને "પર" નો નિર્ણય કરવો જોઈએ. તે માટે દરેક આત્માએ પોતે જ આગમના જ્ઞાતા બનવાનું છે. પોતે જ્ઞાતા ન બની શકે ત્યાં સુધી આગમના જ્ઞાતા - ગુરુના ચરણોમાં રહેવાનું છે. પરથી આત્માને પીડા જ થાય છે. અનાદિકાળથી આત્માએ જે પરનો ગ્રહણ કર્યું છે, તેને છોડવા મુનિ તૈયાર થાય છે. મુનિ અને મુમુક્ષુ બન્નેનું કાર્ય જ આ છે.
મુમુક્ષુ છોડવાની ભાવનામાં હોય અને મુનિ છોડવાની પ્રવૃત્તિવાળો હોય.